# જયતિલકસૂરિ વિરચિત 'શ્રી ગિરનાર ચૈત્ય પ્રવાડિ'

૩૬ કડીમાં ગૂર્જરભાષા-નિબદ્ધ સાંપ્રત રચના બૃહદ્ તપાગચ્છીય રત્નાકરસૂરિની પરંપરામાં થઈ ગયેલા જયતિલકસૂરિની છે. એમણે સં૰ ૧૪૫૬ / ઈ૰ સ૰ ૧૪૦૦માં **અનુયોગદ્વાર-ચૂર્ણિ**નો ઉદ્ધાર કર્યો હોવાનું જાણમાં છે[૧]; અને એમના શિષ્ય રત્નસિંહસૂરિના શિષ્ય ચારિત્રસુંદરગણિએ ૧૪૮૭ / ઈ૰ સ૰ ૧૪૩૧માં **શીલદૂતકાવ્ય** રચ્યું છે[૨]. જયતિલકસૂરિના ઉપદેશથી ખંભાતના શ્રીમાલી સંઘપતિ હરપતિએ સં૰ ૧૪૪૯ / ઈ૰ સ૰ ૧૩૯૩માં ગિરનારની યાત્રા કરી ત્યાં નેમિનાથના મંદિરને દુરસ્ત કરાવેલું. આ હકીકતને લક્ષમાં લેતાં અહીં તેમની પ્રસ્તુત થઈ રહેલી "ગિરનાર ચૈત્ય પ્રવાડી"ને ૧૪મા શતકના અંતની આસપાસ મૂકવામાં હરકત જેવું નથી. વધુમાં આ કૃતિમાં ગિરનાર પર ૧૫મા સૈકામાં નિર્માયેલાં મંદિરોનો ઉલ્લેખ નથી. આ તથ્ય, અને કૃતિનાં ભાષા-લક્ષણો ઉપર્યુક્ત સમયાંકનને સમર્થન આપી રહે છે. તદુપરાંત રત્નસિંહસૂરિશિષ્યે (નામ અજ્ઞાત) રચેલી "ગિરનાર તીર્થમાલા" (ઈ૰ સ૰ ૧૪૫૩ બાદ)થી આ રચના બે પેઢી અગાઉ થયેલી છે અને સ્પષ્ટતયા પ્રાચીન છે. સંભવ તો એવો છે કે શ્રેષ્ઠિ હરપતિની ગિરનારતીર્થની સંઘયાત્રા સમયે, એટલે કે ઈ૰ સ૰ ૧૩૯૩માં આની રચના થઈ હોય.

પ્રારંભની પાંચ કડીઓમાં કાવ્યસુલભ સામાન્ય વર્ણન બાદ પરિપાટીકાર તીર્થવંદના પ્રારંભ કરે છે. પહેલાં તો (મંત્રી તેજપાળે વસાવેલ તેજલપુર, હાલના ઉપરકોટ નીચેના જૂનાગઢની)તેજલ-વસહી(તેજપાલ વસતી)ના પાર્શ્વનાથને નમી, તે પછી 'જીરણગઢ' (જીર્ણદુર્ગ, જૂનોગઢ એટલે કે ઉપરકોટ)ના મુખમંડન આદીશ્વર તથા વીરના ધામમાં પ્રણામ કરી, સોનરેખ, દામોદર અને ક્ષેત્રપાલ(કાલમેઘ) જોઈ, (તળેટીની) વનરાઈ પાસે પહોંચી ત્યાંથી પાજ ચડતાં ક્રમશઃ માકડકુંડી, સુવાવડી આદિ ચાર પરબો વટાવી, પાજનું નિર્માણ કરાવનાર બાહડ મુહતા (મહંતો વાગભટ્ટ)ને ધન્યવાદ દઈ, દેવકોટની પોળમાં યાત્રી કવિ પ્રવેશે છે. ત્યાંથી આગળ તીર્થાધિપતિ જિન અરિષ્ટનેમિના ત્રણ દ્વારવાળા મંદિરમાં નમસ્કાર કરી, બોતેર દેવકુલિકાઓમાં પ્રણમી, (ત્યાં દક્ષિણ દ્વારમાં રહેલ) અપાપામઢીમાં રહેલ આઠ તીર્થંકરોને પ્રણામ કરી, ત્યાર પછી કલ્યાણત્રય જિનાલયમાં રહેલ નેમિનાથને નમી, આગળ ચંદ્રગુફા જોઈ, નાગમોર-ઝરા સમીપ ગજેન્દ્રપદ કુંડમાં પ્રક્ષાલન કરી ઇંદ્રમંડપ થઈ (ત્યાંથી પાછા વળીને નેમિનાથના મંદિર-સમુદાય પાછળ રહેલ) શત્રુંજયાવતાર તથા સમ્મેતશિખર અને અષ્ટાપદના દેવો (જિનો)ને વંદી (તેની પાછળ આવી રહેલ વસ્તુપાલ મંત્રી કારિત કપર્દી યક્ષ અને મરુદેવીનાં મંદિરોમાં નમસ્કાર કરી ઉપર રાજુલ-રથનેમિની ગુફામાં થઈ, ઘંટાક્ષર, છત્રશિલા થઈ અને સહસ્રામ્રવન(સેસાવન)માં ઊતરી પછી અંબિકા, સાંબ, પ્રદ્યુમ્ન અવલોકન શિખર જઈ પ્રણામ કરે છે : ત્યાં (પ્રદ્યુમ્ન શિખરે) (દંતકથાનું) "કંચનબાલક" હોવાનો ઉલ્લેખ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરી સિદ્ધિ-વિનાયકની પોળમાં પ્રણમે છે. તે પછી સહસ્રબિંદુએ ગંગાજળ જોઈ ફરી નેમિનાથના મૂળ મંદિર તરફ વળે છે, અને યાત્રા-સાફલ્યનો આનંદ વ્યક્ત કરે છે. ૩૫મી કડીમાં કર્ત્તા રૂપે જયતિલકસૂરિનું નામ આવે છે. કૃતિમાં નિઃશંક કાવ્યતત્ત્વ વિલસે છે.

ગિરનારતીર્થ સંબદ્ધ જૂની ગુજરાતીમાં લખાયેલી ઉપલબ્ધ રચનાઓમાં આ સૌથી પુરાતન જણાય છે. તેનું સંપાદન લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરની પ્રત ૮૬૦૧ પૃ૦ ૧૨થી ૧૩ તેમ જ પ્રથમ સંપાદક (સ્વ૦ અગરચંદ નાહટા) પાસેના એક જૂના ઉતારા પરથી અહીં કરેલ છે.

**ટિપ્પણો :**

૧. જુઓ મોહનલાલ દલીચંદ દેશાઈ, **જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ,** મુંબઈ ૧૯૩૨, પૃ૦ ૪૪૭, કંડિકા ૬૫૮.

૨. એજન, પૃ૦ ૪૬૯, કંડિકા ૬૮૬.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ગિરનાર ચૈત્યપ્રવાડી

સરસતિ વરસતિ અમીય જ વાણી
હૃદય-કમલિ અબ્ભિંતરિ આણી
જાણીય કવીયણિ છંદો—૧

ગિરનાર ગિરિવરણ જ કેરી
ચેત્રપ્રવાડિ કરઉ નવેરિ
પૂરીય પરમાણંદો—૨

દૂરિથીયા જઉ ડુંગર દીઠઉ
નયણ-જુયલ અમીય-ઘણ વૂઠઉ
ફીટઉ ભવદહ-દાહો—૩

ઝીંઝરીયા-નઉ કોટ જવ ઉલિઉ
મણૂં જનમનું સફલઉ ઉલિઉ(?)
કહુલિઉ મન ઉછાહો—૪

કુંઅર શેવર તણીય જ પાલિઇં
મન રંજિઉ તરુઅરડિ માલિઇં
ટાલઇ દુહ સંતાપો—૫

અમૃત સરીખી આવઇં લહિર જ
જાણે પુણ્યતણી એ મુહુર જ
દુહર ગિયાં હૂયા પાપા—૬

**તેજલવસહીય પાસ** નમિસું
તું આધા સવિ કાજ કરેસિઉં
લેસુઉ પુણ્ય પભારો—૭

**જીરણગઢ** મુખમંડણ સામી
**આદીસરુ** પય સીસ જ ગામી
ધામીય પ્રણમઉ તીરો—૮

આગલિ નયચ્છઈ **સોવનરેખી**
**દામોદર** તસ તીરહ દેખી
આરેખી **ક્ષેત્રપાલો**—૯



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આંબા રાયણિ તણીય વનરાજી
જાણે આવિઉ જલહર ગાજી
ભાજીય ગિઉ દુક્કાલો—૧૦

મન રંગિ જઉ ચડીય પાજ
તુ નિશ્ચઇં સરીયાં અમ્હ કાજ
રાજ-પાહિં અણંતો—૧૧

પ્રીય ભણઈ, દુખિ જઈય તિહાં
અચ્છઈ નિરંતર સીયલી છાહાં
બાહાં મ મેલ્હિસિ કંતો—૧૨

ઇકિ વીસમઈ ઇકિ આઘા જાઈ
ઇકિ મનરંગિ વાયત્ર વાઇં
ઇક ગાયઇં તીહાં ગીતો—૧૩

પહિલી પરવંઇ લેઈ વીસામઉ
બીજા ઊપરિ વિહલા ધામ...
જિમ પામુ ભવ-અંતો—૧૪

આગલિ....છઈ માકડ
પગથાહર તીચ્છો અતિ સાકડ
કાઇં કડિંકર રઈજ હાથો—૧૫

ધન ધન તુ બાહડદે મુહતા
મા........સહંતા
જાતા સંઘહ સાથો—૧૬

ત્રિહુ શિલા ત્રીજી પર્વ ભણીઈ
ચઉત્થી સૂતકકારણિ સુણીય
હણી....રો—૧૭

તુ પામી મઇં પોલિ જ પહિલી
પુણ્ય-કાજિ જે અચ્છઈ સઈલી
હલીસક દિઉ સારો—૧૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેઅલ દેખી મનિ ગહગહીયં
સફલહ કઅં જં મારિગ સહીયં
રહીયં પાપ અસેસો—૧૯

તિન્નિ પયાહિણ દેઈ ત્રિવારય
માહિ જઈ **નેમીસ** જુહારઈ
સારઈ કાજ સવેસો—૨૦

ન્હવણ પૂજ્યીય વંદણ સારી
**બહુત્તરિ દેહરે** જિણહ જુહારી
હારી તે દ્વિં ન જન્મો—૨૧

**અપાપામઢિ આઠ તીર્થંકર**
ગઈય ચઉવીસી બોલઈ મણિવર
સુરવર કરય પ્રણામો—૨૨

**કલ્યાણત્રય નેમિ** નમેસૂં
**ચંદ્રગૂહા** વેગિઈ જાએસિ
કરીસુ સફલા પાગો—૨૩

**નાગમોરિ** ઝિરિ આગલિ કુંડ જ
**ગયંદમઈ** પક્ષાલઉ પિંડ જ
**ઈંદ્રમંડપ** સો ચંગો—૨૪

**ઊજલગિરિ સેત્તુજ** અવતરીઉ
**આદિજિણેસર** અમ્હિ અણસરીઉ
દરીયં*હરઉ અસેસો—૨૫

**સમેતિસિહરિ અષ્ટાપદિ** દેવા
વાંદઉ **કવડિજક્ષ મરુદેવા**
રાજલિ - **રહનમી**સો—૨૬

**ઘંટાક્ષર છત્રશિલા** વખાણું
**અંબુસહસ્ર** પ્રભુ દીક્ષા જાણું
નાણ હવે તસ રૂખો—૨૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બિહુ બેટ્ટેસિઇં **અંબિકમાતા**
**સાંબ-પજૂન અવલોણા** જાતાં
વલતા પ્રણમૂં સુખો—૨૮

તિહં અછઇ **કંચન-બલાણૂં,**
**સિદ્ધિ-વણાયગ પોલિ** વખાણૂં
જાણું પ્રણમૂં નિત્યો—૨૯

**સહસ્રબિંદ** ગંગાજલ જોઈ
પ્રભુ **નેમીસરુ** દેહ જ ધોઈ
જે ય હુઈ સુપવિતો—૩૦

ક્રમિ ક્રમિ ચેત્રપ્રવાડિ જ કીધી
મણૂય-જનમ ઊગારિ જ લીધી
સીધીય સઘલી ય વાતો—૩૧

ભમીય ભમીય ભવમાહિ જ ભાગુ
તુ પ્રભુ તાહરે પાય જ લાગઉ
માગઉં સિવસુહ-નાતો—૩૨

હરખિઇં મૂલિગભારુ પામીય
નયણિ નરીયખિઉ **નેમિ** સુસામીય
કામીય-ફલ-દાતારો—૩૩

જા ગયણંગણિ રવિ-સિરિચંદો
મૂરતિ સામિ તણીય તાં નંદુ
આણંદ સુખ ભારો—૩૪

હું મૂરખ પણઈ અછું અજાણ
શ્રી **જયતિલકસૂરિ** બહુમાન
માનું મનમાહિ એહે—૩૫

પઢઇં ગણઈ જે એ નવરંગી
**ચેત્રપ્રવાડિ** અતિહિ સુચંગી
ચંગીય કરઇંસુ દેહો—૩૬

**"ઇતિ શ્રી ગિરનાર ચૈત્રપ્રવાડિ"**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org